


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyadnews.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

સાપ્તાહિક

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી :મીનાક્ષી રાવલ

R.N.I. No. Guj,Guj/1999/00057
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-42 ■ તા. 02-11-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

### મુંબઈમાં સર્વિસ ડેમો રન યોજાશે

# ભારતમાં હાઈસ્પીડ સેટેલાઈટ ઈન્ટરનેટ શરૂ કરવા માટે સ્ટારલિંક તૈયાર

## સ્ટારલિંકે મુંબઈના ચાંદિવલી વિસ્તારમાં આશરે ૧,૨૯૪ ચોરસ ફૂટ ઓફિસ સ્પેસ રૂ.૨.૩૩ કરોડના ભાડા પર પાંચ વર્ષના લીઝ પર લીધી




નવી દિલ્હી, તા.૧

સ્પેસએક્સના સીઈઓ ઈલોન મસ્ક હવે ભારતમાં ઈન્ટરનેટની દુનિયામાં પ્રવેશ કરી રહ્યા છે. તેમની કંપની સ્ટારલિંક સેટેલાઈટ કોમ્યુનિકેશન્સ પ્રાઈવેટ લિમિટેડ ભારતમાં તેની સેટેલાઈટ ઈન્ટરનેટ સેવા શરૂ કરવાની તૈયારી કરી રહી છે. જેના માટે સ્ટારલિંકે મુંબઈના ચાંદિવલી વિસ્તારમાં આશરે **1,294** ચોરસ ફૂટ ઓફિસ સ્પેસ રૂ.**2.33** કરોડના ભાડા પર પાંચ વર્ષના લીઝ પર લીધી છે. ભારતમાં ઈલોન મસ્કની કંપનીની પ્રથમ સત્તાવાર હાજરી માનવામાં આવી રહી છે.

સ્ટારલિંક કંપની આજે **30** ઓક્ટોબર અને આવતીકાલે **31** ઓક્ટોબરના રોજ મુંબઈમાં ટેકનિકલ અને સુરક્ષા ડેમો રનનું આયોજન કર્યુ છે, જેમાં તેના હાઈ-સ્પીડ સેટેલાઈટ ઈન્ટરનેટ નેટવર્કની ક્ષમતાનું પ્રદર્શન કરાશે. તેવામાં મસ્કની કંપનીના ટ્રાયલને ભારતમાં સેટેલાઈટ ઈન્ટરનેટ કનેક્ટિવિટીના નવા યુગની શરૂઆત માનવામાં આવી રહી છે. જેનાથી દેશના દૂરના અને ગ્રામીણ વિસ્તારોમાં પણ બ્રોડબેન્ડ ઈન્ટરનેટ એક્સેસ શક્ય બની શકશે. ડેમો રન પછી કંપની ભારતમાં લોન્ચિંગ કરી શકે છે.જોકે, સ્ટારલિંક હજુ પણ સરકારની મંજૂરી અને સ્પેક્ટ્રમ ક્લિયરન્સની રાહ જોઈ રહી છે.

નિષ્ણાતોનું કહેવું છે કે, સ્ટારલિંકની એન્ટ્રી થવાથી ભારતમાં સેટેલાઈટ ઈન્ટરનેટ ક્ષેત્રમાં નવી સ્પર્ધા શરૂ થશે. આનાથી ઈન્ટરનેટ સેવાની ગુણવત્તા અને સુલભતામાં નોંધપાત્ર ફેરફારો થઈ શકે છે. ઈલોન મસ્કની સ્ટારલિંક કંપની **150**થી વધુ દેશોમાં ઉપગ્રહોના નેટવર્ક દ્વારા હાઈ-સ્પીડ, લો-લેટેન્સી ઈન્ટરનેટ સેવાઓ પ્રદાન કરેશે, જે ગ્રામીણ અને દૂરના વિસ્તારોમાં તેમજ જહાજો અને વિમાનોમાં કાર્ય કરી શકે છે.સ્ટારલિંકની ઈન્ટરનેટ સેવા વિશ્વભરના આપત્તિગ્રસ્ત વિસ્તારોમાં કામ કરે છે, જ્યાં પરંપરાગત બ્રોડબેન્ડ સેવાઓ અપ્રાપ્ય છે. સ્ટારલિંકની ઈન્ટરનેટ સેવા પાંચ વર્ષથી શરૂ થઈ છે, અને કંપનીના વિશ્વભરમાં 7 મિલિયન યુઝર્સ છે. હવે ભારતમાં પ્રવેશ સાથે સ્ટારલિંકની સેવા ગ્રામીણ વિસ્તારોમાં અને આપત્તિઓ દરમિયાન ગેમ-ચેન્જર સાબિત થઈ શકે છે. **TRAI** જાન્યુઆરી-ફેબ્રુઆરી **2026** સુધીમાં ભારતમાં કિંમત નક્કી કરશે. ગેટવે સેટઅપ ઈન્સ્ટોલ કરાયા છે અને **DoT** અને **IN-SPACE** મંજૂરીઓ મળી ગઈ છે.




# વૈશ્વિક વ્યવસાયને ભારત સુધી લાવવા કાર્યરત પી.એચ.ડી ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની કોઓપરેટિવ કમિટીના અધ્યક્ષ પદે દિલીપ સંઘાણી, કાર્યભાર સંભાળ્યો

## સહકારી ક્ષેત્રે દિલીપ સંઘાણીના કૂશળ નેતૃત્વનો લાભ નવી દિશા આપશે, સંઘાણી ઉપર શુભકામનાઓનો ધોધ



દેશની વિકાસ યાત્રામાં સહકાર વિવિધ ક્ષેત્રે અગ્રેસર ભૂમિકા ભજવી દેશના પ્રધાનમંત્રી અને સહકાર મંત્રીના સહકાર થી સમૃધ્ધિ સંકલ્પને ચરિતાર્થ કરવા કમર કસી છે તેવા સમયે અનેક સહકારી સંસ્થાઓને નેતૃત્વ અને માર્ગદર્શન પુરૂ પાડતા ગુજરાતના પૂર્વ કેબીનેટ મંત્રી અને NCUI, ઈફકો અને ગુજકોમાસોલના અધ્યક્ષ દિલીપ સંઘાણીની પી.એચ.ડી.ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની કોઓપરેટીવ કમિટીના અધ્યક્ષ તરીકે નિમણૂંક થતા આજરોજ કાર્યભાર સંભાળેલ.

PHDCCI છેલ્લા ૧૨૦ વર્ષથી ભારતીય ઉદ્યોગ, વેપાર અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે ઉત્પ્રેરક તરીકે કામ કરી રહ્યું છે. ઉદ્યોગ અને સરકાર સાથે પ્રગતિશીલ ભાગીદાર તરીકે, PHDCCI ભારતીય અર્થતંત્રની પ્રગતિ, સંવાદિતા અને સંકલિત વિકાસને આગળ વધારવા માટે મજબૂત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જોડાણો સાથે પાયાના સ્તરે કામ કરે છે. PHDCCI, વિશ્વના આશરે ૧,૫૦,૦૦૦ થી વધુ મોટા, મધ્યમ અને નાના ઉદ્યોગો સુધી પહોંચતા ઉદ્યોગ અને વેપારનો અવાજ તરીકે કાર્ય કરે છે, ભારતીય અર્થતંત્રને આગલા સ્તર પર લઈ જવા માટે અનેક ક્ષેત્રોમાં ઉદ્યોગ જ્ઞાન સાથે તેના વારસાનો ઉપયોગ કરીને આગળ વધવા માટે PHDCCI પ્રતિબદ્ધ છે.

ઉદ્યોગ અને સરકાર વચ્ચેના સહયોગી ભાગીદાર તરીકે પી.એચ.ડી.ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની કોઓપરેટીવ દેશના વિવિધ વિસ્તારોમા મૂળસ્તરે કાર્ય કરી ભારતના અર્થતંત્રના સમન્વિત વિકાસ, પ્રગતિ અને સુખાકારી માટે સતત પ્રયત્નશીલ છે.

આજ રોજ દિલીપ સંઘાણી એ પી.એચ.ડી.ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની કોઓપરેટીવ કમિટીના અધ્યક્ષ તરીકે કાર્યભાર સાંભળતા PHDCCI ના ડેપ્યુટી સેક્રેટરી જનરલ ડૉ. જતિન્દર સિંહ, સિનિયર સેક્રેટરી શ્રી રૂપેશ પાંડે અને IFFCO ના સિનિયર જનરલ મેનેજર શ્રી તરુણ ભાર્ગવે શુભેચ્છા પાઠવી હતી. શ્રી દુષ્યંત સિંહ પુનિયા અને NCUI ના ડિરેક્ટર પ્રદીપ કુમાર ઉપસ્થિત રહ્યા હતા.

02-11-2025_41 Jan Fariyad_P-1

## તંત્રી લેખ


# ઓપરેશન ત્રિશૂળઃ ગુજરાતના સરહદી વિસ્તારોમાં સૈન્ય અભ્યાસ શરૂ થયો

પાકિસ્તાનથી જોડાયેલી દેશની પશ્ચિમી સરહદો પર ભારતીય સેનાની ત્રણેય પાંખ (જમીન, વાયુ અને નૌકાદળ) નો સંયુક્ત મહાયુદ્ધ અભ્યાસ ત્રિશૂલ નો પ્રારંભ થઈ ગયો છે. ઓપરેશન સિંદૂર પછી, આ પહેલીવાર છે જ્યારે ભારત કોઈ વ્યૂહાત્મક પડકારનો સામનો કરવા માટે યુદ્ધના તમામ સંભવિત ક્ષેત્રોમાં પોતાની યુદ્ધ કુશળતાનું પરીક્ષણ કરી રહ્યું છે.


રાજસ્થાન અને ગુજરાતના સરહદી વિસ્તારોમાં યોજાઈ રહેલા આ અભ્યાસને પાકિસ્તાન માટે એક સ્પષ્ટ ચેતવણી તરીકે જોવામાં આવી રહ્યો છે. ભારત વ્યૂહાત્મક સંદેશ આપવા માંગે છે કે, જો પાકિસ્તાન તરફથી કોઈ પણ પ્રકારની હિંમત કરાશે, તો જવાબ સરહદ પાર સુધી જશે અને ભારત સરહદોની સુરક્ષા માટે દરેક પડકારનો સામનો કરવા સજ્જ છે. આ અભ્યાસ ૧૦ નવેમ્બર સુધી ચાલશે, જેમાં ત્રણેય સેનાના ૨૫ હજારથી વધુ જવાનો ભાગ લઈ રહ્યા છે.આ અભ્યાસમાં રાફેલ અને સુખોઈ જેવા અત્યાધુનિક ફાઈટર જેટ, ઓપરેશન સિંદૂરમાં પોતાની ક્ષમતા સાબિત કરનાર બ્રહ્મોસ અને આકાશ મિસાઈલ સિસ્ટમ, યુદ્ધ ટેંક, ઈન્ફન્ટ્રી કોમ્બેટ વાહનો, હેલિકોપ્ટર, લાંબા અંતરની આર્ટિલરી સિસ્ટમ, ડ્રોન અને નૌકાદળના યુદ્ધ જહાજો ભાગ લેશે. ત્રણેય પાંખ ગુજરાત અને રાજસ્થાનની સરહદે આવેલા વિસ્તારોમાં સંયુક્ત કામગીરી, દુશ્મન પર હુમલો કરવાની ક્ષમતા અને મલ્ટી ડોમેન વોરફેર **(Multi Domain Warfare)**નો અભ્યાસ કરશે.ત્રિશૂલ યુદ્ધાભ્યાસનું મુખ્ય કેન્દ્ર ગુજરાતના કચ્છ વિસ્તાર પર રહેશે. આ અંગે તાજેતરમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે પાકિસ્તાનને ખુલ્લી ચેતવણી આપી હતી. તેમણે કહ્યું હતું કે, જો પાકિસ્તાને સર ક્રીક **(Sir Creek)** વિસ્તારમાં કોઈ દુસ્સાહસ કર્યું તો તેનો જવાબ એવો મળશે જે ઈતિહાસ અને ભૂગોળ બદલી નાખે. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે કરાચીનો રસ્તો પણ ક્રીક થઈને જાય છે.આ અભ્યાસનો એક હેતુ વાસ્તવિક યુદ્ધના મલ્ટી-ડોમેન ઓપરેશનલ વાતાવરણમાં સેનાની યુદ્ધ ક્ષમતા, સંકલન અને અભિયાનગત તૈયારીઓનું પરીક્ષણ કરવાનો છે. આનાથી આધુનિક યુદ્ધક્ષેત્રમાં ઉભરતા જોખમોનો સામનો કરવાની ક્ષમતા મજબૂત થશે. દુશ્મનની દરેક ગતિવિધિને સમયબદ્ધ રીતે ઓળખવી એ પણ આ અભ્યાસનો એક મુખ્ય હેતું છે.મલ્ટી ડોમેન ઓપરેશનમાં જમીન, થળ, આકાશ, સાયબર અને ઈલેક્ટ્રોનિક્સ જેવા તમામ ક્ષેત્રોમાંથી ઉદ્ભવતા પડકારોનો સામનો કરવા માટેનો અભ્યાસ કરવામાં આવે છે. આધુનિક યુદ્ધો માત્ર જમીન, સમુદ્ર કે હવા પૂરતા સીમિત નથી, પરંતુ તેમાં અવકાશ અને સાયબર સ્પેસ જેવા નવા ક્ષેત્રોનો પણ સમાવેશ થાય છે, તેથી દુશ્મનને હરાવવા તમામ ક્ષેત્રોની સંયુક્ત ક્ષમતાઓનું પરીક્ષણ કરવું જરૂરી છે.

# જિલ્લાવાર પ્રભારી મંત્રીઓની સંપૂર્ણ યાદી

| મંત્રી | જિલ્લાનું નામ | મંત્રી | જિલ્લાનું નામ |
|---|---|---|---|
| હર્ષ સંઘવી | વડોદરા, ગાંધીનગર | કાંતિ અમૃતિયા | કચ્છ |
| કનુ દેસાઈ | સુરત, નવસારી | રમેશ કટારા | પંચમહાલ |
| જીતુ વાઘાણી | અમરેલી, રાજકોટ | દર્શનાબેન વાઘેલા | સુરેન્દ્રનગર |
| ઋષિકેશ પટેલ | અમદાવાદ, વાવ-થરાદ | કૌશિક વેકરિયા | ભાવનગર, જૂનાગઢ ( સહ પ્રભારી ) |
| કુંવરજી બાવળિયા | પોરબંદર, દેવભૂમિ દ્વારકા | પ્રવીણ માળી | મહેસાણા, નર્મદા ( સહ પ્રભારી ) |
| નરેશ પટેલ | વલસાડ, તાપી | જયરામ ગામિત | ડાંગ |
| અર્જુન મોઢવાડિયા | જામનગર, દાહોદ | ત્રિકમ છાંગા | મોરબી, રાજકોટ (સહ પ્રભારી ) |
| પ્રદ્યુમન વાજા | સાબરકાંઠા, જૂનાગઢ | કમલેશ પટેલ | બનાસકાંઠા, વડોદરા (સહ પ્રભારી ) |
| રમણ સોલંકી | ખેડા, અરવલ્લી | સંજયસિંહ મહિડા | આણંદ, ભરૂચ ( સહ પ્રભારી ) |
| ઈશ્વર પટેલ | નર્મદા | પૂનમચંદ બરંડા | મહીસાગર, દાહોદ ( સહ પ્રભારી ) |
| પ્રફુલ પાનેસેરિયા | ભરૂચ | સ્વરૂપજી ઠાકોર | પાટણ |
| મનીષા વકીલ | છોટા ઉદેપુર | રિવાબા જાડેજા | બોટાદ |
| પરષોત્તમ સોલંકી | ગીર સોમનાથ | | |




# ૬- સ્કેગવે-યુકોન ટુર-અલાસ્કા




ચલો અલાસ્કા

યુકોન સ્કેગવેની ટુર એટલે ગ્લેશિયર, લેક, વોટરફોલ, વાઈલ્ડ લાઈફ (જો નસીબમાં હોય તો) અને સૌથી વધુ તો નવાઈ લાગે એવું રણ.

ચારેકોર લેક, સ્નો અને વોટરફોલ હોય, એનાં લીધે લીલીછમ હરિયાળી હોય ત્યાં વળી રણ કેવું? છતાં, રણ છે જે અમે જોયું. સવારે અગિયાર વાગ્યે શરૂ થયેલી આ ટુરમાં બહાર જોવામાં એક પળ નજર ફેરવી એટલે સમજો કે કંઈક જોવાનું ગુમાવ્યું.

સૌથી મઝાની વાત એ કે, અહીં બસ ડ્રાઈવર જ આપણા ગાઈડ. ટુર શરૂ થાય ત્યારથી અંત સુધી એ તમામ જગ્યાઓ વિશે માહિતી પીરસે. આપણે કાન બસની અંદર અને નજર બારી બહાર રાખીને એ સાંભળવાનું, જાણવાનું ને માણવાનું.

યુકોન ટુરની બસચાલક અને ગાઈડ મોનિકા એકદમ હસમુખી, વાચાળ અને સ્ફૂર્તિલી. દરેક જગ્યા વિશે કંઈક માહિતી આપતી તો રહે જ સાથે કોઈ સરસ જગ્યા આવે એટલે તરત બસ થોભાવીને સૌ નિરાંતે એ જગ્યા જોઈ શકે અને ફોટા લઈ એટલો સમય અને તક આપતી ત્યારે પ્રવાસીઓ કરતાં એને વધુ આનંદ થતો.

ટુરમાં એક નવ પરણિત જર્મન કપલ હતું. નર્યા માખણમાંથી બનાવી હોય એવી એ યુવતી અને એની સાથે શોભે એવો યુવક તો સૌનાં આકર્ષણનું કેન્દ્ર.

એ બંને કેવા કેવા પોઝ આપે છે એ જોવાની સૌને મઝા આવતી. એવું લાગ્યું કે ટુરમાં આવાં રમકડાં જેવા લોકો હોય તો એનીયે મઝા છે.

હા, તો પાછા ફરીએ યુકોન ટુરની વાત પર. ઘણાં લોકો એમ જ માને અને બોલે, કે પહાડ, પાણી અને પથરા તો બધે સરખાં, પણ ખરેખર જોઈએ તો દરેક જળ અને સ્થળનું સૌંદર્ય સાવ નોખું.

અલાસ્કાની બોર્ડર ક્રોસ કરીને કેનેડામાં પ્રવેશ્યાં ત્યારે દેખીતો ફરક અનુભવ્યો. અહીં રસ્તામાં પસાર થયા ત્યારે ગ્લેશિયરમાંથી ઓગળીને વહી આવતા અનેક વોટર ફોલ આવ્યા. ક્યાંથી આવે છે અને ક્યાં સમાય છે એ વિષય થોડો અટપટો કારણ કે એ જાણવા એનાં ભૌગોલિક કારણો અને તારણો સુધી જવું પડે.

જોકે મોનિકા એ વિગત પીરસતી હતી જેનો અત્રે ઉલ્લેખ કરીએ તો પ્રકૃતિનાં અદ્ભુત સૌંદર્ય પર નિબંધ લખ્યા જેવો ઘાટ બને.

યુકોન પહોંચીને લંચ બ્રેક માટે ઊભાં રહ્યાં ત્યાં પ્રાણીઘર જેવું મ્યુઝિયમ હતું. અહીં વસંતઋતુનાં આગમનના છડીદાર 'ટ્રમ્પેટર સ્વાન'થી માંડીને તોતિંગ કદનાં બાયસન, મોટાંમસ શિંગડાંવાળા સાબર, પ્રાચીન કાળમાં જ જોવા મળતા ઊન જેવા વાળવાળાં કદાવર હાથી, જળબિલાડી, ખચ્ચર જેવાં દેખાતાં હરણ, સફેદ ઊનવાળાં અસામાન્ય કદનાં બકરાં, રીંછ, વરુ, માઉન્ટન લાયન તેમજ અનેક જંગલી પ્રાણીઓ જોયાં. કોઈ કેમિકલથી આ મૃત પ્રાણીઓને સાચવીને સાચુકલાં સામે ઊભા હોય એવી રીતે ગોઠવેલા હતા.

મ્યુઝિયમ જોઈને વળી અલાસ્કા તરફ પાછા ફરવાનું હતું, પણ પ્રવાસ અહીંથી પૂરો થવાનાં બદલે કંઈક અવનવા દૃશ્યોને લઈને વધુ રસપ્રદ બનતો ગયો.

અલાસ્કાથી કેનેડા તરફ જતા અને પાછા ફરીએ ત્યારે રસ્તામાં અનેક લેક જોવા મળ્યાં.

આ લેકનાં પાણીનાં રંગ જોઈને એવું લાગે કે કેટલી કુશળતાથી ઈશ્વરે



આ એકમેકમાં ભળતાં છતાં અલગ આભા ધરાવતા રંગોની ભેટ ધરી છે ! કેનેડાનાં એમરલ્ડ લેકમાં એનાં નામ જેવા નીલમ રંગની છાયા જોઈ.. આછાં વાદળી રંગની સાથે આસપાસની લીલોતરીનું પ્રતિબિંબ ઝીલતો જરાતરા લીલો લાગતો પાણીનો રંગ અને પહાડોની છાયા ઝીલીને એમાં ભળી જતો ઘેરો ભૂરો રંગપવાહ રે કુદરત, તારી કમાલ.

એમાં વોટર સર્ફિંગ, કાઈટ સર્ફિંગ, પેરાસેઈલિંગ કરતા લોકોને જોઈને એમની હિંમતને દાદ આપ્યા વગર ક્યાં રહેવાય?

એમરલ્ડ લેક પર ઊભાં રહીને નિરાંતે આ બધી એક્ટિવિટી માણી પછી આગળ અવધિ વટાવે એવું એક આશ્ચર્ય

અમારી રાહ જોતું હતું.

એ હતું 'કારક્રોસ' રણ.

અફાટ સૌંદર્ય સમા એમરલ્ડ લેક પછી આવી સૂકી ભઠ્ઠ જમીન ! નવાઈ તો લાગે જ ને!

આમ તો આ જગ્યા એટલી ભેજવાળી છે કે એને રણ કહેવાય કે કેમ એ સવાલ થાય, પણ ખરી વાત એ છે કે અન્ય સ્થાનો કરતાં આસપાસનાં પર્વતોથી ઢંકાઈને રહેતી આ ભૂમિ પર પ્રમાણમાં વરસાદનું પાણી ઓછું, વર્ષે માંડ ૨૦ ઈંચ જેટલું પહોંચે છે પરિણામે આ ભાગ સાવ સૂકો રહી ગયો છે. કારક્રોસને ઉત્તર અમેરિકાથી વહી આવતા પવનથી ભેગો થયેલો રેતીનો ટેકરો કે ઢૂવો પણ કહી શકાય કારણ કે ભેજવાળી જમીન હોવા છતાં રણની સૂકી રેતીનાં આ ઢૂવાને જોઈને રણ જેવો જ ભાસ થાય. કારક્રોસમાં અલાસ્કા કે કેનેડાનાં પ્રમાણમાં ભાગ્યેજ જોવા મળે એવી વનસ્પતિ અને દાભ જેવું ઘાસ જોવા મળ્યાં. ઊભાં રહીને જોઈ શકાય એવી આ રણ જેવી જગ્યાની છેલ્લી મુલકાત પછી હવે ક્યાંય બસ થોભશે નહીં કહીને મોનિકાએ બસને ગતિ આપી, પણ મોનિકા જેનું નામ, આગળ જતાં બ્લેક બેર જોઈને વગર કહ્યે એણે જ બસ ઊભી રાખી દીધી. એનેય ખબર હશે કે આવા એકાદ બે રખડતાં બેર જોયા વગર સફર પૂરી ક્યાં થઈ કહેવાય ! વળી આગળ વધ્યાં ત્યાં દૂર વોટર ફોલ નીચેથી પસાર થતી ટ્રેન જોવા એણે બસ થોભાવી. સાચે જ એ મનલોભાવન દૃશ્ય હતું.

યુકોનની આ મઝાની ટુર પૂરી કરીને ક્રૂઝ પર પરત થયાં ત્યારે સૌએ 'મોનિકાપ ઓ માય ડાર્લિંગ'' કહીને એને નવાજી. કદાચ એણે ભારતીય પ્રવાસીઓ પાસે એ ગીત સાંભળ્યું હશે એટલે એણે પણ અમારાં કોરસમાં સાથ આપ્યો.



-આલેખનઃ રાજુલ કૌશિક

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad
& published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001
તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું

02-11-2025_41 Jan Fariyad_P-2